નિમંત્રણ પત્રિકા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી અબજીબાપાની છતેડી
બળદિયા-કચ્છ



# તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી બળદિયા (ભુજ-કચ્છ) આયોજિત

# અષાઢી ઉજવણી નિમિત્તે શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર પારાયણ

: પ્રારંભ :
અષાઢ વદ-૧૩, તા. ૨૬-૦૭-૨૦૨૨
મંગળવાર સવારે ૮-૩૦

: પૂર્ણાહુતિ :
અષાઢ વદ-૩૦, તા. ૨૮-૦૭-૨૦૨૨
ગુરુવાર બપોરે ૧૧-૦૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, અનાદિ મહામુક્તરાજ
પ. પૂ. શ્રી અબજીબાપા, સદ્‌ગુરુઓ તથા સમર્થ મુક્તોના પરમ કૃપાપાત્ર અનાદિમુક્ત શ્રી...

સંવત ૧૯૭૪ના અષાઢ માસમાં અબજીબાપાશ્રીએ અંતર્ધાન થવા નિમિત્તે ભારે મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે વખતે સદ્‌ગુરુઓ તથા હેતવાળા હરિભક્તોની ગદ્‌ગદ પ્રાર્થનાથી રાજી થઈને પરમ કૃપાળુ બાપાશ્રીએ મંદવાડને રજા આપી અને વધુ દસ વર્ષ રહેવાનું વચન આપ્યું હતું. બાપાશ્રીએ આ અપૂર્વ સંભારણાં નિમિત્તે છત્રીએ મોટો યજ્ઞ કર્યો હતો. ત્યારથી દર વર્ષે અષાઢી અમાસને દિવસે બાપાશ્રી છતેડીએ જ્ઞાનયજ્ઞ કરી સંત-હરિભક્તો તથા બાળકોને જમાડી ઉજવણી કરતાં. તે આજ દિન સુધી ચાલુ છે.

તે પર્વે તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા મુકામે સંવત ૨૦૭૮ અષાઢ વદ-૧૩, તા. ૨૬-૦૭-૨૦૨૨ મંગળવાર થી અષાઢ વદ-૩૦, તા. ૨૮-૦૭-૨૦૨૨ ગુરુવાર સુધી '**શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર પારાયણ**'નું આયોજન કરવામાં આવ્યું છે. સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી વ્યાસાસને બિરાજી કથામૃતનું રસપાન કરાવશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પાવનકારી વિચરણથી મહાપ્રસાદીરૂપ તીર્થધામ
શ્રી અબજીબાપાની છતેડીમાં બાપાશ્રીએ અનેક કલ્યાણકારી યજ્ઞો કર્યા છે તેમજ શ્રીજીમહારાજના
ચરણારવિંદ પધરાવી આ સ્થાનનાં દર્શન કરનારને આત્યંતિક કલ્યાણનો કોલ આપ્યો છે.


**સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી**


**સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી**


**સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી**


**સદ્.શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી**

અ. મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, અ. મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી,
અ. મુ. સદ્. શ્રી નિર્ગુણાનંદજી બ્રહ્મચારી, અ. મુ. સદ્. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી તથા
અ. મુ. શ્રી સોમચંદબાપાએ બાપાશ્રીનો પ્રત્યક્ષ જોગ કરી તેમના દિવ્યજીવન અને દિવ્યવાણીને આ ભૂમિમાં રહી ગ્રંથસ્થ કરી, કારણ સત્સંગના સિદ્ધાંતો ઉજાગર કરી, સમગ્ર સત્સંગ પર મહદ્ ઉપકાર કર્યો છે.

આવી ભૂમિમાં મંદિર નિર્માણ માટે બાપાશ્રીના પુત્રો અ. મુ. શ્રી કાનજીબાપા તથા અ. મુ. શ્રી મનજીબાપાએ આ ભૂમિ શ્રીહરિઅર્પણ કરી. તેમજ અ. મુ. શ્રી જાદવજીબાપા અને અ. મુ. શ્રી નારાયણમામાએ '**શ્રી અબજીબાપા સંસ્કારધામ**' તેમજ '**શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર**'નું નિર્માણ કરી અનેક મોક્ષભાગી આત્માઓને મુક્તિ અને ભુક્તિ આપી આપણ સૌને ઋણી કર્યા છે.

આ બ્રહ્મયજ્ઞ પ્રસંગે અમદાવાદ, વડતાલ, મૂળી, તથા કચ્છ દેશના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો તથા હરિભક્તોના દર્શન-સમાગમ-વક્તવ્યનો લાભ મળશે. આ દિવ્ય પ્રસંગે કથા-વાર્તા તથા ભોજનરૂપી મહાપ્રસાદનો લાભ લેવા આપને સહકુટુંબ મિત્રમંડળ સહિત પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

લિ. દર્શનાભિલાષી
સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી આદિ સંતમંડળ, ટ્રસ્ટીમંડળ તથા
છતેડી સંસ્થાના હેતવાળા હરિભક્તોના જય સ્વામિનારાયણ

## પારાયણના વક્તાશ્રી

સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી ગુરુ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

## પારાયણના યજમાન

શ્યામગિરિ નારાયણગિરિ ગોસ્વામી (બળદિયા)
પત્ની ભારતીબેન શ્યામગિરિ ગોસ્વામી
પુત્ર શિવરામકૃષ્ણગિરિ, પુત્રવધૂ ચૈતાલીબેન, પૌત્રી આદ્યા
પુત્ર રામકૃષ્ણગિરિ, પુત્રવધૂ હેમાલીબેન, પૌત્ર દિવ્ય

# કાર્યક્રમ

## : પ્રારંભ :

અષાઢ વદ-૧૩, તા. ૨૬-૦૭-૨૦૨૨
મંગળવાર સવારે ૮-૩૦

## : કથાનો સમય :

સવારે ૮-૩૦ થી ૧૧-૩૦, સાંજે ૪-૦૦ થી ૭-૦૦

## : ઠાકરથાળી :

તા. ૨૭-૦૭-૨૦૨૨, બુધવાર રાત્રે ૮-૩૦

## : પૂર્ણાહુતિ :

અષાઢ વદ-૩૦, તા. ૨૮-૦૭-૨૦૨૨ ગુરુવાર બપોરે ૧૧-૦૦

## જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર

- અષાઢ વદ-૧૦, તા. ૨૩-૦૭-૨૦૨૨ શનિવારથી
- અષાઢ વદ-૧૨ તા. ૨૫-૦૭-૨૦૨૨ સોમવાર (ત્રણ દિવસ)

તીર્થધામ છતેડી મુકામે ઉપરોક્ત સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે તેનો સર્વે હેતવાળા મુક્તોએ લાભ લેવા વિનંતી.

: આયોજક એવં નિમંત્રક :

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ-370427  ફોન: 02832 282253, 282553

Website: www.abjibapanichhatedi.org  E-mail: info@abjibapanichhatedi.org